


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૦૦ ૧૨ જાન્યુઆરી, ૨૦૧૫, સોમવાર ; પોષ વદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર ગેટ વે ઓફ ઓપ્ર્યુનીટી બન્યું

## વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વાયબ્રન્ટ સમીટ ખુલ્લી મુકી દેશ-વિદેશના મહેમાનોને ઉમળકાપૂર્વક આવકાર્યા





ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર આજે સાચા અર્થમાં ગેટ વે ઓફ ઓપ્ર્યુનીટી તરીકે ઉભર્યું હતું. દેશના અને વિદેશના મોટા મોટા ઉદ્યોગપતિઓ આજે મહાત્મા મંદિમાં વાયબ્રન્ટ સમીટના મેળાવડામાં ઉમટયા હતા.

દેશના ટોચના ઉદ્યોગગૃહો રિલાયન્સ, ટાટા, અદાણી, બિરલા અને સુઝુકીના મંધાતાઓ ઉપરાંત વિશ્વબેંકના પ્રમુખ, યુ.એન.એ.ના જનરલ સેક્રેટરી શ્રી માનકી બુન, ભૂતાનના પ્રમુખ, મેસેડોનિયાના પ્રધાનમંત્રી, યુ.એસ.ના શ્રી જહોન કેરી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ આજે યોજાયેલા વાયબ્રન્ટના ઉદઘાટન સમારોહમાં હતી.

આ વાયબ્રન્ટ સમીટ ને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વિધિવત રીતે ખુલ્લી મુકી હતી. અને તેમણે કેન્દ્રની સરકાર જે પગલાં લેવા જઈ રહી છે તેના દિશા નિર્દેશ આપ્યા હતા.

રિલાયન્સ ના શ્રી મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે ગુજરાત મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ભગવાન ક્રિષ્ણાની જન્મભૂમિ ઉપરાંત દેશના લાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પણ જન્મભૂમિમાં આપ સૌ મહેમાનોનું ગુજરાતના ઉદ્યોગપતિ તરીકે સ્વાગત કરતાં ગૌરવ અનુભવું છું.

મહાત્મા મંદિર ખાતે સતત ત્રીજી વાયબ્રન્ટ સમીટનું આયોજન કરાયું છે. આ સમીટમાં ૩૫ દેશોના ૧૮૨૯ જેટલા પ્રતિનિધિ મંડળો ભાગ લઈ રહ્યા છે. આ સમીટ દેશના આર્થિક પ્રવાહોને નવો વળાંક આપશે તેમાં કોઈ બેમત નથી.

આ મહાત્મા મંદિરમાં આજે સૌનો સાથ સૌનો વિકાસ મંત્ર પણ વકતાઓના વકતવ્યમાં ગુંજયો હતો. મહાત્મા મંદિરમાં આજે ૮ થી પણ વધુ સેમિનારો યોજવામાં આવ્યા હતા. જેમાં ઓસ્ટ્રેલિયા, યુકે, નેધરલેન્ડના કન્ટ્રી સેમિનારનો પણ સમાવેશ થાય છે.

આજની આ સમીટમાં કેન્દ્રીય મંત્રી મંડળના સભ્યો શ્રી મનોહર પાનિકર, સુશ્રી સ્મૃતિ ઈરાની, અરૂણ જેટલી, શ્રી રાજનાથસિંહ સહિત અનેક રાજયોના વિવિધ મંત્રીઓ અન મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આજે દિવસ દરમિયાન આ મહાનુભાવોના આગમનને લઈ ગાંધીનગરે વિશ્વભરમાં પોતાનીએ આગવી ઓળખ પ્રસ્થાપિત કરી હતી એટલુંજ નહિ સાચા અર્થમાં ગેટ વે ઓફ ઓપ્ર્યુનીટી બની ઉભર્યું હતું.

# આજે જિલ્લાના ૮૦ ઔદ્યોગિક એકમો સરકાર સાથે એમઓયુ કરશે

## ૮ હજાર જેટલા યુવાનોને રોજગારીની તકો પ્રાપ્ત થશે - મેન્યુફેક્ચરીંગ, ઈલેક્ટ્રોનિક્સ, એન્જીનીયરીંગ એકમો દ્વારા ઈરાદાપત્રો પર સમજુતિ કરાર થશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ૮૦ જેટલા નાના અને મધ્યમ કદના ઔદ્યોગિક એકમોના સંચાલકો દ્વારા વિસ્તરણ અને વિકાસને લગતા તેમના ઈરાદાપત્રો સાથે આજે સરકાર સાથે સહિ-સિક્કા કરશે.

ગાંધીનગર જિલ્લામાં ગઈ વખતે ૭૦ થી વધુ એકમોએ એમ.ઓ.યુ. કર્યા હતા જે ઉલ્લેખનીય છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ઈરાદાપત્રો અમલી બનતાં ૮ હજાર જેટલા યુવાનોને રોજગારીની તકો પ્રાપ્ત થશે તેવો અંદાજ છે. ખાસ કરીને લઘુ અને મધ્યમ ઉદ્યોગો મેન્યુફેક્ચરીંગ તેમજ મિકેનીકલ અને એન્જીનીયરીંગ ક્ષેત્રના વધુ છે.

જો કે સર્વિસ સેકટરના એકમો દ્વારા પણ ઈરાદાઓ વ્યક્ત કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. આજે મહાત્મા મંદિરમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગકારો માટેના સેમિનારો પણ યોજવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં ઈલેક્ટ્રોનિક તેમજ એન્જીનીયરીંગ એસ્ટેટ ઉપરાંત કલોલ, છત્રાલ અને આસપાસના વિસ્તારોમાં આ ઉદ્યોગો સ્થપાયેલા છે.

# ભારતમાં ત્રણ 'ડી' - ડેમોક્રેસી, ડેમોગ્રાફી અને ડિમાન્ડ રોકાણકારોને આકર્ષે છે : વડાપ્રધાન

## વિશ્વના ૧૦૧ દેશોના મહાનુભાવોની ઉપસ્થિતિમાં મહેમાનોએ મોદી, ભારત અને ગુજરાતના ભરપેટ વખાણ કર્યા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના આંગણે સાતમી ગ્લોબલ વાયબ્રન્ટ સમિટનો દબદબાભેર પ્રારંભ થયો છે. શરૂઆતમાં જ ઈન્ડિયાની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે એક લાખ કરોડના મૂડીરોકાણનો પ્રસ્તાવ મૂકયો હતો. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મુખ્ય મહેમાનપદે મહાત્મા મંદિરમાં યોજાયેલી આ સમિટમાં શા માટે લોકો ભારતમાં રોકાણ કરે તેવો પ્રશ્ન પૂછી મોદીએ તેના જવાબમાં કહ્યું હતું કે તેનું મુખ્ય કારણ ત્રણ ડી- ડેમોક્રેસી, ડેમોગ્રાફી અને ડિમાન્ડ છે.

મહાત્મા મંદિરમાં વાયબ્રન્ટની મુખ્ય ઉદ્દઘાટન સમિટ પછી પીડીપીયુમાં સીઈઓ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમિટમાં ૧૦૧ દેશોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ કહ્યું કે, દુનિયામાં કોઈપણ દેશમાં તેમને આ ત્રણ D એક સાથે નહીં મળે. અમારી પાસે કામ કરવા માટે કરોડો હાથ છે અને તેનાથી વધારે કરોડો સપના છે, જે હકિકત બનાવાની રાહ જોઈ રહ્યા છે. પોતાના સંબોધનમાં પીએમ મોદીએ વિકાસને ગામડાંઓ સુધી પહોંચાડવાની વાત કરી હતી.

વડાપ્રધાને પેરિસ આતંકવાદી હુમલાની નિંદા કરી. કહ્યું હતુ કે, અમે એક શાંતિપૂર્ણ વિશ્વની આશા રાખીએ છીએ. આ પહેલા વડાપ્રધાને સંમેલનમાં આવેલ બધા મહેમાનોનું સ્વાગત કર્યું અને ગુજરાતની મહેમાન નવાજીના વખાણ કર્યા. તેમણે કહ્યું કે, ભારતે હંમેશા એ વાત પર ભાર આપ્યો છે કે, વિશ્વ એક પરિવારની જેમ છે. અમે વસુધૈવ કુટુમ્મબકમ' પર ભાર આપ્યો છે.

મોદીએ દેશમાં ઈન્ફોર્મેશન વેઝની જરૂર પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે, અમે નીતિ નિર્ધારિત તંત્રને ઉત્તેજન આપી રહ્યા છીએ. દેશમાં નિર્માણનું સ્તર વધારીશું. હમે દેશને મેન્યુફેકચરિંગ હબ બનાવીશું. પીએમે કહ્યું કે, સરકાર ગામડાંઓને બ્રોડબેન્ડ સાથે જોડવા ઈચ્છે છે કેમકે તે ભવિષ્ય છે.

મોદીએ વિશ્વભરના રોકાણકારોને ખાત્રી આપી કે, ભારત બદલાઈ રહ્યું છે અને સરકાર તમારી જરૂરતો પર સાથ આપશે. તેમણે વિપક્ષ પર વાર કરતા કહ્યું કે, લોકો પૂછે છે કે દરેક વસ્તુને હાઈપ કેમ કરે છે મોદી, હું કહું છું કે હાઈપ કરવાથી સરકાર સારી રીતે કામ કરે છે

વડાપ્રધાને કહ્યું કે, ગત ચૂંટણીએ ભારતીય લોકતંત્રની દિશા બદલી નાખી છે. તેનાથી અમારા લોકોમાં નવો વિશ્વાસ જાગ્યો છે અને તેમની આશાઓ વિશે જાણ થઈ છે. મોદીએ કહ્યું, મારી સરકાર ભારતમાં ઝડપથી આર્થિક અને સામાજિક સ્થિતિ બદલાવ તેમજ સારું કરવા તરફ કામ કરી રહી છે. તેમણે કહ્યું, અમે પરિવર્તનના સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ. અમે વર્ક કલ્ચરને બદલવા તરફ કામ કરી રહ્યા છીએ. અમે અમારી સંસ્થાઓને મજબૂત આપી છે.

તેમણે આયોજન પંચનું નામ નીતિ આયોગ કેમ રખાયું તે અંગે જણાવતા કહ્યું કે, અમે દેશમાં કો-ઓપરેટિવ ફેડરલિઝમને ઉત્તેજન આપવા ઈચ્છીએ છીએ. તેમણે કહ્યું કે, અમે રાજયોમાં પણ સ્પર્ધા જોવા માંગીએ છીએ. મોદીએ જણાવ્યું કે, અમે માત્ર જાહેરાતો જ નથી કરતા પરંતુ તેના માટે પ્રયાસ પણ કરીએ છીએ અને પોલિસી પણ બનાવી રહ્યા છીએ.

મોદીએ કહ્યું કે, ૧૦૦થી વધુ દેશ આજે અહી એક છત્ર નીચે એકઠા થયા છે, તમારું બધાનું

● અનુસંધાન પાન-૭ પર

# પહેલા દિવસે ૩૧ એમઓયુ

## એક લાખ કરોડનું રોકાણ કરવા મુકેશ અંબાણીની જાહેરાત

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતની સાતમી વાયબ્રન્ટ સમિટના પહેલા દિવસે બાર મહત્વની જાહેરાતો સાથે કુલ ૩૧ એમઓયુ સાઈન થયા હોવાનું એજયુકેશન વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલે જણાવ્યું હતું. તેમણે મૂડીરોકાણના આંકડા આપવાનો ઈન્કાર કર્યો હતો પરંતુ આજે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે એક લાખ કરોડનું મૂડીરોકાણ કરવાની મહત્વની જાહેરાત કરી છે.

બિરલા ગ્રુપે પણ ૨૦ હજાર કરોડનું રોકાણ તેમજ અદાણી ગ્રુપે ૨૫૦૦૦ કરોડનું રોકાણ કરવાની જાહેરાત કરી છે. વેલસ્પને ૮૩૦૦ કરોડ, કલ્યાણી જૂથે ૬૦૦ કરોડ તેમજ હોંગકોંગ બેઈઝ ચાઈના લાઈટ એન્ડ પાવરે ૧૨૫૦૦ કરોજનું રોકાણ કરવાનું -ોમિસ આપ્યું છે. કેટલાક ઉદ્યોગજૂથોએ એમઓયુ પણ સાઈન કર્યા છે.

અરવિંદ અગ્રવાલે કહ્યું હતું કે વર્લ્ડબેન્ક, ભારત સરકાર અને ગુજરાત સરકારે સ્વચ્છતા અભિયાન અંગે એક મહત્વનો કરાર કર્યો છે. રેઈલ વિકાસ નિગમે ચાઈના ડેવલપમેન્ટ -ઈવેટ લિમિટેડ સાથે ટ્રેડ સેન્ટરનો કરાર કર્યો છે. ડિફેન્સ -ેડક્શનમાં ગુજરાતે ૧૧ એમઓયુ સાઈન કર્યા છે.

વાયબ્રન્ટના -થમ દિવસે ફુડ -ોસેસિંગમાં ઈનોવેશન માટેના ૧૨ એમઓયુ સાઈન કર્યા છે. ટ્રાયબલ કોમ્યુનિટી માટેના ૬૦,૦૦૦ મકાન બનાવવા માટે તાતા ટ્રસ્ટે કરાર કર્યો છે.

# બીએસસી અને ગિફ્ટ સીટી વચ્ચે આજે મહત્વનો એમ.ઓ.યુ. થશે

## બોમ્બે સ્ટોક એક્સચેન્જ ગિફ્ટસીટીમાં રૂ. ૧૫૦ કરોડનું રોકાણ કરશે

ગાંધીનગર, તા. ૧૧

મુંબઈ સ્ટોક એક્સચેન્જ અને ગિફ્ટસીટી વચ્ચે રૂ. ૧૫૦ કરોડના રોકાણ અંગે મહત્વના એમ.ઓ.યુ. થશે.

મુંબઈ સ્ટોક એક્સચેન્જ એસો. દ્વારા ગિફ્ટસીટીમાં ૧ લાખ ચો.મી. જેટલી જગ્યા માટેની માંગણી પણ ગ્રાહ્ય રાખવામાં આવી હોવાની બાબત જાણવા મળેલ છે.

ગાંધીનગર નજીક ગિફ્ટ સીટી એ રાજય સરકારનો અત્યંત મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. આ સીટીમાં ૨૭ મજલાના બે ટાવરોનું નિર્માણ થઈ ચુક્યુ છે અને ત્યાં બીજા ટાવરો આગામી દિવસોમાં નિર્માણ થનાર છે.

ફાયનાન્સીયલ સર્વિસીઝનું એક મહત્વનું સ્થાન આગામી દિવસોમાં આ ગિફ્ટ સીટી બનવા જઈ રહ્યુ છે. કેન્દ્ર સરકારે સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં પણ આ સીટીનો સમાવેશ કર્યો છે તે નોંધનીય છે.

ગત વાઈબ્રન્ટ સમિટ વખતે જ લોકાર્પણ પામેલ ગિફ્ટ સીટીના બે ટાવરમાં હવે બોમ્બે સ્ટોક એક્સચેન્જની કચેરી કાર્યરત થતાં આ સીટીને એક નવી જ ઓળખ આગામી દિવસોમાં પ્રાપ્ત થશે. બોમ્બે સ્ટોક એક્સચેન્જ દ્વારા અહિ રૂ. ૧૫૦ કરોડનું રોકાણ થવાનુ છે.




કર ભલા...
હોગા ભલા...
પૂ. છગનભા

તૃતિય વાર્ષિક પુણ્યતિથિએ
ભાવભરી શ્રદ્ધાંજલિ

સદ્‌ગત
માણેકલાલ એમ. પટેલ સાહેબ
(૧૯૨૯ - ૨૦૧૨)

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
કડી-ગાંધીનગરના પૂર્વચેરમેન તથા
કડી સર્વ વિશ્વવિદ્યાલય,
ગાંધીનગરના આર્ષદષ્ટા પૂર્વ પ્રેસિડેન્ટ

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥
(આત્માને શસ્ત્રો છેદતાં નથી અને અગ્નિ બાળતો નથી તેમજ પાણી એને ભીજવતું નથી અને વાયુ સુકવતો નથી.)

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥
(જેનો જન્મ છે તેનું મરણ નિશ્ચિત છે, તેમજ જેનું મરણ તેનો જન્મ પણ તેટલો જ નિશ્ચિત છે, એટલે આ અપરિહાર્ય વસ્તુને માટે શોક કરવો તે તને યોગ્ય નથી.)

સર્વ વિદ્યાલય પરિવાર - કડી • ગાંધીનગર